## તારીખે તૈયેબીના સફ્હાતમાંથી

# સૈયેદી વ મૌલાઈ ખૌજ બિન મલક સાહબ (રિ.અ.)

અશ-શૈખુલ ફાઝિલ અને વલીએ કામિલ સૈયેદી વ મૌલાઇ ખૌજ બિન મલક સાહબ, સૈયેદના દાઊદજી બિન અજબશાહ અને સૈયેદના દાઊદજી બિન કુતુબશાહ આઅલલ્લાહો કુદસહુમના ઝમાનએ મયમૂનમાં કપડવંજના રઈસ અને અઝીઝ હતા. આપને કપડવંજની અમાલત સિપૂર્દ થઇ હતી અને બેવે દોઆતે હક્કની પૈરવી અને ઇતાઅતમાં આપે આ ખિદમત બાખૂબી નીભાવી અને દાઇએ હક્કને આપના ફરઝંદોની ખતાનત તેમજ દીગર ખુશહાલી અને શાદીના મૌકા પર દાઅવતે ખાસ અરઝ કરીને કપડવંજ તલબ કીધા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના દાઇ, આપની દાઅવતને કુબૂલ કરીને પૂરી ઇમામી શાનો શૌકતને સાથે પૂરા હુદૂદ સાથે કપડવંજ પધારા હતા અને આ જગાને અઝમતો બરકત બખ્શી હતી.

સૈયેદી સાહબ તકવા અને પરહેઝગારીના ધણી અને ઇબાદતના ફલકના આફતાબે દરખ્શાઁ હતા. આપ ખસલતે પાકીઝા અને અખ્લાકે પસંદીદાહના આસ્માનના ચમકતા સિતારા અને માહપારા હતા. કપડવંજમાં આપના રોઝા મુબારેકા આજે પણ મુમેનીનને વાસ્તે કઝાઇલ હવાઇજના મરકઝ છે અને મુરાદો-મકસદ બર લાવવા વાસ્તે મુમેનીનની પનાહગાહ અને જાએ સજદાહ છે. આપના મઝારે મુનવ્વરની ઝિયારતથી સાહબે ઊમ્મીદ હોય યા જાહિલ બેખબર, એનું દિલ શાદ થાય છે અને દીનો દુનિયામાં આબાદ થાય છે. આપ સૈયેદી સાહબે ૬ રિસાલા તસ્નીફ ફરમાવેલા છે કે જે દાઅવતે હાદીયાહના ખઝાનામાં મૌજૂદ છે અને જેમાં એવા અખ્બારે પુર અન્વાર છે અને હકીકતે ઝમાન આપે તેહરીર ફરમાવી છે કે જે સાંભલવાથી અને પઢવાથી આઁખોને બસીરત અને બસારત હાસિલ થાય છે, હર મરદે મુમિનનું દિલ ઇમાનના નૂરથી રૌશન અને મુનવ્વર થાય છે, યકીનનો પાયો મઝબૂત-પાયેદાર થાય છે અને કદમ દાઅવતે હક્કની વલાયત પર સાબિત થાય છે.

પહેલા રિસાલાનું નામ “સુરૂરૂલ ઔલિયા”, બીજાનું નામ “બઝરૂલ મોહબ્બતે વશ શિફા”, તીસરાનું નામ “હદીકતુન્નેઅમ”, ચોથા રિસાલાનું નામ “બઝરૂલ બિદાયા”, પાઁચમાંનું નામ “હદીકતુલ જેનાન” અને છઠ્ઠાનું નામ “ખસાઇલે સૈયેદના દાઊદજી બિન કુતુબશાહ (ક.રૂ.)” છે. આ બેવે દોઆતે હક્કના ઝમાનમાં દાઅવતે હાદીયાહના દાલાનમાં ઘણા વાકેઆત બના છે જેની ઝિક ઇન્શાઅલ્લાહ વક્તન ફ વક્તન યહાઁ લખીશું. સૈયેદી સાહબનો નસબે જિસ્મી (ખાનદાની શજરો) આ મુજબ છે, સૈયેદી ખૌજ બિન મલક બિન મોહંમદ બિન અહમદ બિન ઇબ્રાહીમ બિન ઇસ્હાક બિન વનાયક. મૌસૂફ વનાયક સૂબએ ગુજરાતના બ્રાહમણ આલિમોમાંથી એક હતા અને અરબના મુલ્કો સાથે આપની તિજારત હતી, તે સબબ આપ અરબસ્તાન આમદો રફત કરતા હતા અને યમનમાં આપ પધારા તો ઇત્લાકના યમની દોઆતના મૈલ-મિલાપથી એટલા મોતઅસ્સિર થયા કે દાઅવતે તૈયેબીયાહ મોઅય્યેદીયાહનું દામન દાઇએ હક્કના દસ્તે મુબારક પર કુબૂલ ફરમાવી એક આઅલા મુમિન બના.

સૈયેદી સાહબ આપના રિસાલામાં તેહરીર ફરમાવે છે કે, એક વક્ત સૈયેદના દાઊદજી બિન અજબશાહ (આ.કુ.) હુદૂદ-ફોઝલાની મહેફિલને દરમિયાન પૂનમના ચાંદ જેમ બેસેલા છે જેમાં સૈયેદી સાહબ પણ હાઝિર છે. તે વક્ત આપ મૌલા પૂછે છે કે, અય ખૌજ, તમેં હજ્જ વાસ્તે મક્કા મોઅઝઝમા અને મદીના મોનવ્વરા ગયા હતા, વહાઁના આલિમોના મજમાઅની બેઠકમાં શું એવી કોઇ ખૂબી જોઇ કે જે યહાંની મજલિસોમાં નઝર ન આવતી હોય ? જવાબમાં સૈયેદી સાહબે બેસાખ્તા ફરમાવું કે, અય સૈયેદના, દાઅવતની મજલિસમાં જે રૂહાનીયત અને જલાલો કમાલ છે તેવી મેં કોઇ મેહફિલો મજલિસમાં જોઇ નથી. મક્કા કે મદીના કે મિસિરમાં તમામ મજમાઅમાં નબીએ મુસ્તફા, વસીએ મુરતઝા અને ઇમામે અતકિયાની મોહબ્બત અને વલાયતનો અસર ન હતો, આલે મોહંમદ(સ.અ.) ના ઇલ્મનો જલ્વો અને નૂર ન હતું. તે મજલિસ તો ગૈર લોગોની હતી જેના આલિમોના જિસ્મોમાં અહલુલ બૈત (અ.સ.) ની વલાયતની જાન ન હતી અને તેઓના દિલો ઇમાનના નૂરથી ખાલી હતા. પણ યહાઁ તો અય આકા, આપ અલ્લાહ વહદહૂ લાશરીકના દાઇ છો, ઇમામની મસ્નદના ધણી છો અને આપની હસ્તીની કરામતથી આપની મજલિસની કદરો મંઝિલતની બરાબરી ગૈર લોગો કઇ તરહ કરી શકે.

*“આ દાઅવતની મજલિસની આલી કદર છે,*
*બસીરતને લેજે તું એની કદરમાં.*
*જે એમાં છે ખૂબી તે બીજામાં નથી,*
*હરમમાં મદીનામાં નથી મિસિરમાં. ”*

સૈયેદી સાહબના કુલ ૬ ભાઇઓ હતા જેમાંથી જનાબ યૂસુફ બિન મલકની અજબ શાન હતી. આપ હરરોઝ એક કુરઆનનું ખત્મ પઢતા યાઅની પૂરા કુરઆનની તિલાવત કરતા હતા, ૧૨૦ વાર સૂરતુન્નાસ થી સૂરતુલ બૈયેનાહ તક સૂરતો પઢતા હતા અને હર મહીનામાં એક લાખ વાર “કુલ હોવલ્લાહો અહદ” નો વઝીફો પઢતા હતા. આપના આ ખુસૂસી અમલ સાથે આપને આપના ભાઇ સૈયેદી સાહબની સોહબત નસીબ થઇ અને દાઅવતના ઇલ્મથી આપ ફૈઝયાબ થયા અને તે ઝમાનના ઓલમામાં આપનું ઇસ્મે શરીફ ઔજ પર હતું. ૯૭૮ હિ. માં સૈયેદી ફીરોઝ સાહબની સરપરસ્તીમાં જે કાફલો હજ્જ વાસ્તે ગયો હતો તેમાં આપ યૂસુફ સાહબ પણ હતા. મક્કામાં અચાનક આપની તબીઅત બીગડી અને આપ રહેમતે ઇલાહીમાં પહોંચી ગયા. સૈયેદી ફીરોઝ સાહબે આપની તજહીઝો તકફીન (ગુસ્લો કફન) બાદ સલાતુલ જનાઝા પઢીને આપને મસ્જિદે માહસૂરાહ ના દરવાઝાના નઝદીક ખાસ જગામાં દફન કીધા. ★